અશો ઝરથુસ્ત્રે શીખવેલી દયન.

તેમાં સમાયલી મોતેબર ફીલસુફી.

મીનોઈ માર્ગ તરફ રાહબરી.

આવૃત્તિ ૪ થી.

(લખનારઃ—શા. હો. ઝાબવાલા.)

દરાનની ટૂંકી તવારીખઃ Book of Meditations: (all for National service); ઝરથુસ્ત્રની જીંદગીઃ ઝરથુસ્ત્ર એક પયગમબર તરીકે; ફ. કા. બનાજીની જીંદગી; સો. શા. બંગાળીના જીંદગીઃ સર કાવસજી જેહાંગીરની જીંદગી; થીઓસોફી Buddhism વિગેરેના કર્તા.

રાજ ગોકળદાસ નેણશીએ "ઈન્ડીયન નેશનલ" પ્રીન્ટીંગ વર્કસમાં છાપ્યું.
૩૦૬, બોરાબજાર કોટ મુંબઈ.

મી૦ શા. હો. ઝાબવાલાએ સ્ટાર બીલ્ડીંગ, ગ્રાંટરોડ, મુંબઇ મધે પ્રગટ કર્યું છે.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીસર્ઇટ-સંગ્રહ

દીબાચો.

ઝરથુસ્ત્રી મજહબનો સાગર બહુ ઉંડો છે, તેની ફીલસુફીનું મહત્વ બહુ મોતેબર છે એટલે તેને માટે મોટાં પુસ્તકો જોઇએ. પણ મારી અદના કોશેશ નાનાં પુસ્તકો મારફતે સાધારણ સમજમાં ઉતરી શકે એવાં ટુંક ઝરથુસ્ત્રી શિક્ષણો બાહેર પાડવાને લગતી છે કે જેથી આપણી સામાન્ય કોમમાં તે વાંચવા લાયક અને ધર્મની તરીકતોની સમજણ ખીલવવા માટેનાં ઉપયોગી સાધન દાખલ થઇ પડે. એ નેમ બર લાવવાને આ મારૂં નાનુ પુસ્તક બાહેર પાડયું છે, જે ટુંકમાં ઘણુંક સમજાવવાની એક કોશેશ છે. કોમમાં કાંઇક મત જાગૃત કરવાને તે ઉપયોગી થઇ પડશે એમ હું આશા રાખું છું.

૧૫, જુન, ૧૯૧૯. **કર્તા.**

સ્ટાર બીલ્ડીંગ, ગ્રાન્ટરોડ, મુંબઇ.

પયગમ્બર એટલે શું ?

પયગમ્બર બે શબ્દોમાંથી બનેલો છે—એક પયગામ સંદેશો અને બીજો બર એટલે લાવનારો. આ શબ્દનો અર્થ ખુદાનો પયગામ. આ દુનીયામાં લાવનારો એમ કરીને થાય છે. જ્યારે દુન્યામાં તરેહવાર ગુનાહો, ખુનરેજી, મરકી. મારફાડ, બખેડા વગેરે થાય છે, ત્યારે ખુદાતાલા જે દુન્યાનું હંમેશા ભલુંજ ઇચ્છે છે તે દુન્યાને તેવી હાલતમાંથી મુકત કરવાને સારૂ એક અમો નર મોકલે છે જે તેનો પયગામ લઇને આવે છે અને માણસ જાતને પહોંચાડે છે, પુરાતન જમાનામાં જ્યારે ખુદાએ આ જગતને હસતીમાં આણ્યું ત્યારે સરવે ચીજો નીસ્તીનાં રૂપમાં આમતેમ ઉડતી હતી કે જેને અંગ્રેજમાં chaos કરીને કહે છે, ત્યારબાદ તે રજકણોમાંથી જે પાંચ અનાસર એટલે ધરતી, આસમાન, પાણી, અગ્ની, અને હવા છે તે તેણે પેદા કીધાં એટલે કે ફનાગીરીવાળી હસતી ભોગવતાં રજકણોમાંથી ખુદાતાલાએ જે હસતીભરી ચીજો આપણે જોઇએ છે તે પેદા કીધી.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ८२१८ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय प८४५३:५२

એજ રીતે જ્યારે દુન્યામાં ફીતો વ્યાપી રહે છે ત્યારે પરવરદેગારનો પયગમ્બર મારફતે મોકલેલો આવાઝ આ જગતમાં સંભળાય છે, અને ત્યાં સુલેહ, શાંતી અને સુખ પંથરાઇ રહે છે. કારલાઈલ નામનો જાણીતો અંગ્રેજ ફીલ્સુફ કહે છે કે " The Great Man, with his free force direct out of God's own hand, is the lightning. His word is the wise healing word which all can believe in. All blazes round him now, when he has once struck on it, into fire like his own. The dry mouldering sticks are thought to have called him forth ÷ ÷ ÷ In all epochs of the world's history, we shall find tne Great Man to have been the indispensable saviour of his epoch:— the lightning, without which the fuel never would have burnt. "

એજ રીતે જ્યારેબી મહાન પયગમ્બરોનો આ દુન્યામાં જન્મ થાય છે ત્યારે દુન્યાનું ચકકર પહેલાં ખોટું ચાલેલું જણાયું છે, તેઓના આવ્યા પછી નવા આચાર વિચારોનો ફેલાવો થઇ શકયો હતો. એ બતાવે છે કે ખુદાતાલા આ દુન્યા તરફ મહેર અને મહોબ્બતનો ઝરો વરસાવે છે અને ઇનસાન જાતને ખુરાઈના કાદવમાં લાંબો વખત સુધી લપટાવા દેતો નથી એથીજ કવિ ટેનીસન પોતાના Morte D'Ar thur નામના કાવ્યમાં જણાવે છે કેઃ—

For so the whole round earth is every way
Bound by gold chains about the feet of God.

એટલે કે ખુદાની સાથે આ દુન્યાનું જોડાણ સોનાની નહી તુટે એવી સાંકળથી થયલું છે.

અશો ઝરથુસ્ત્રનાં શીક્ષણો.

અશો ઝરથુસ્ત્ર રય શહેરમાં જન્મ્યાબાદ પહાડોની એકાંતવાસમાં પોતાના દીવસો એકાંત મીનોઇ મનનમાં પસાર કરતા હતા તે વેળાએ તેમને અમેશાસ્પંદો મારફતે પરવરદેગારની બશારત થઇ હતી. એટલે કે સમાધીના ઉંડા ગારમાં જ્યારે તેમનું **Higher Intelligence** અથવા ઉંચ મનસ ઉતર્યું ત્યારે તેમનાં પવીત્ર મનપર પરવરદેગારના

પયગામની રોશની ઉતરી. એવી રીતે બઉધ્ધ ધર્મમાં ગઉતમ શાક્ય-મુની બઉધ્ધીનાં ઝાડ હેઠળ તપ કરીને પોતાના ઉંચા પયગામને પહોંચ્યા હતા. ઇશુ ખ્રીસ્ત સાહેબ અને મોહમ્મદ પયગમ્બર સાહેબ પણ લાંબી મુદતની સમાધી પછી બશારત મેળવી શકયા હતા. પહેલ વહેલો સવાલ જે ઝરથુસ્ત્ર સાહેબે પોતાના ઉચ્ચ આત્માને પુછયો હતો તે માત્ર એટલોજ કે હું દાદાર અહુરમઝદને કેમ પ્હોંચું? દાદાર તે કોણ? વીગેરે જવાબમા તેમને અમેશાસ્પંદો તરફથી ઘટતા શીક્ષણરૂપી જવાબો મળ્યા જે ઝરથુસ્ત્ર સાહેબે આ દુન્યાને સંદેશા-રૂપી પ્હોંચાડયા હતા. *

ઝરથુસ્ત્ર સાહેબ પોતાનાં ફરમાનોમાં જણાવે છે કે આખી ખલ્કત અહુરમઝદ જે રોશનીનો ઝરો છે અને જેની અંદરથી સર્વે પેદાયશોની શુરૂઆત થાય છે તેની સરદારી હેઠળ છે. અહુરમઝદને કશો આકાર કે કશું રૂપ નથી. એ અહુરને ૭૨ ઉમદામાં ઉમદા ગુણો છે જે સર્વેનાં નામો આપણને અહુરમઝદ યસ્તમાંથી મળી આવે છે. જૂદેજૂદે કારણોથી મળી આવતા એ ગુણોમાંના મુખ્ય નીચે મુજબ છે:— યઝદ: હરવેસ્પતવાન=સર્વે શકતીમાન; હરવેસ્પ આગાહ=સદા આગાહી ધરાવનાર; અબી અન્જામ એટલે છેડા વીનાનો; બુનેશતીહ=આ દુન્યાનું મુળ; ઝમગ=ઉંચા દરજ્જાવાળો; સફના=વૃદ્ધીનો કરનાર; પરવર=સર્વનો પાળનારો, અનઅઇનહ=આકાર વીનાનો; ખરૂપીદતુમ=દ્રઢતાથી ભરપુર; તરોનીપ=આફત ટાળનારો; અફખશી આથઆ=બક્ષસ કરનાર; હરવ-સ્તૂમ=બન્ને જેહાનની હસ્તી રાખનારો વીગેરે. અહુરમઝદે પોતાની સત્તા અને શકતીની વ્હેંચણી અમુક અમશાસ્પંદો અને યઝદોમાં કીધી છે કે જેઓ ઇન્સાન જાતપર સર્વોપરી ભોગવે છે અને તેમની રેહબરી કરે છે. આ આખું બ્રહ્માંડ એ રીતે તે અહુરના અચળ નિયમો અને કાયદા મુજબ વરસો થયાં ચાલી રહ્યું છે અને હજુ ચાલ્યા કરશે. આ બાબદની ગવાહી બીજાં બધાં શાસ્ત્રોમાં આપવામાં આવી છે. એટલે સુધી કે જે અહુરનાં ૭૨ નામો છે તેમાંનાં ઘણાંક શ્રિમદ ભગવદ ગીતા કે જે હિંદુઓનું મૂળ શાસ્ત્ર ગણાય છે ત્યાંથી પણ જડી આવી શકે છે.

---

* જુઓ મારી "અશો ઝરથુસ્તની જીંદગી"ની ચોપડી.

અપ અને વોહુમનો.

ઝરથુસ્ત્ર સાહેબ આગળ વધીને એવું જણાવે છે કે અહુરને ત્રણ પ્રકારની શકિત છે. આ બાબદ ખુરશેદ ન્યાયેશમાંથી આપણને માલુમ પડે છે. તેમાં એમ જણાવવામાં આવ્યું છે કે ખુદાતાલા બીજી બધી ચીજો અગાઉ ત્રણ ગણો હતો=**Threefold before other creatures,** આ ત્રણ શક્તિ તે હયાતી પેદા કરવાની ચાલુ રાખવાની અને નાશ કરવાની શક્તિઓ છે.

પણ વોહુમનો અને અપના જે બે અગત્યના નિયમો છે તે તરફ ધ્યાન પૂગાડવાની બહુ જરૂર છે. ઝરથુસ્ત્ર સાહેબના ગાથા તરફ નેગાહ કરતાં આપણને જડે છે કે તેઓ દરેક ઠેકાણે પરવરદેગાર પાસેથી આ બે ચીજની માંગણી કરે છે. ગાથા અહુનવઇતિમાં તો અપ અને વોહુમનો બે અમેશાસ્પંદો દાખલથી ઓળખાવવામાં આવ્યા છે. અપને સામાન્ય રીતે પવિત્રતા અથવા અશોઇ કરીને ગણવામાં આવે છે. ડારમેસ્ટેટર કે જે આપણી અવસ્તા ભાષાનો એક મોટો અભ્યાસી થઇ ગયો છે તે જણાવે છે કે અપ તે **Universal Order or the Law of Universal Harmony** છે. માટે આપણી જીંદગીમાં રચના એવી તરેહની કરવી કે ખલકતના કારોબારની સરણાતને તે અનુસરતી થઇ પડે. હકસ્લી નામનો જાણીતો અંગ્રેજ ફીલસુફ "કેળવણી" વિષે પોતે જે નિબંધ લખે છે તેમાં જણાવે છે કે ખલકતના કેટલાક કાયદાઓ પરવરદેગારે ઘડયા છે તે મુજબજ તેનું બંધારણ થઇ શકે છે અને તેનું ચલણ પણ થાય છે. જે આદમી કેળવાયલો હોવાનો દાવો કરે તે આદમીની જીંદગીનું એવું બંધારણ થયલું હોવું જોઇએ કે તેથી તેને વધતામાં વધતું સુખ અને સંતોષ હાસલ થઇ શકે. એ રીતે ઝરથુસ્ત્રનાં ફરમાન મુજબ અપનો તરકો હાથ કરવાથી આપણી જીંદગીની રચના એવી થઇ શકશે કે તેથી આપણને આ તેમજ પેલી જીંદગીનું વધતામાં વધતું સુખ હાંસલ થઇ શકે.

ખુદાતાલાએ આપણી આસપાસનાં વળાં એવાં ગોઠવ્યાં છે-પછી શું ઇન્સાન જાતમાં, ઝાડપાન, પ્રાણીઓ વીગેરમાં-કે જ્યાં સુધી આપણે તેનાં પવિત્ર કાયદાનું પાલન નહી કર્યે ત્યાં સુધી આપણે પેલાં ઝાડપાન, પ્રાણીઓ અને ઇનસાન જાતને પણ બંધબેસતા થઇ પડતા નથી. આથી જીંદગી ખોળવાય છે, ત્યારે આપણે દુઃખ અને દરીદ્રના વેઠિયે છીએ. તે રીતે જ્યારે બીજાઓની જીંદગી ખોળવાય છે ત્યારે આપણે તેમના કષ્ટના ભોગ થઇ પડયે છીએ. આ કુદરતના ધારાની ખોરવણીથીજ સંસારી, રાજ્યકીય, નીતિ વિગેરે સર્વેને લગતા કાયદાઓની ખોરવણી થાય છે. આપણે કુદરતમાં ગડબડ અને ઘોટાળો કરનારાં સાબત થઇ પડયે છીએ એટલા પ્રમાણમાં આપણે પરવરદેગારના સજા લાયક થઇએ છીએ. આ સજા આપણને ખુદાની ગેબી લાકડીથી થાય છે-એટલે કે ઇનસાન જાત તેમજ પ્રાણીઓ અને ઝાડપાન પોતે આપણને કરે છે; અને તે સજા આ દુન્યામાંજ બીજી પળે આપણને થાય છે. માટે દરેક ઝરથુસ્ત્રીની પહેલી ફરજ આ ખલકતનું અખંડપણું જાળવવાને લગતી છે.

આપણો મઝદયસની મજહબ અકસર કરીને કુદરતના તરીકા ઉપર રચાયલો છે કારણ કે આપણા પયગમ્બર પોતે કુદરતનાં બાળક કે જેને કારલાઇલ **The Child of Nature** કરીને ઓળખાવે છે તે હતા. તેઓ કુદરતમાં મજહબ જોઇ શકયા હતા અને એજ કાયદો જેને દયન અથવા મજહયસની દયન કરીને કહેછે તે દુન્યાને હવાલે કીધો હતો. આથી તેમનો મજહબ જેઓ કુદરતના તરીકા મુજબ ચાલે છે, અને તેના નિયમોનું પાલન કરે છે તે સર્વેને લાગુ પડે શકે. આજની સાયન્સ અને વિદ્યા મુજબ આપણને જણાય છે કે સુધરેલા દેશોમાં કુદરતના નિયમો મુજબ ચાલવાથીજ આપણને શરીરનું-તની અનેઆત્માનું- રવાની સુખ મળે છે.

ઝરથુસ્ત્ર સાહેબ પોતાનાં ફરમાનમાં જણાવે છે કે કુદરતને આત્મા છે-**The Soul of Nature** અને એ આત્માનો મજહબ તે મજહબરની દયન છે-યાને કે આપણે ઇનસાન જાત કુદરતનાં જાળાંમાં છીએ અને દરેક તાંતણા રૂપી કાયદા મુજબ અમલ કરવાને બંધાયલા છીએ, નહિ તો ઉત્તમ બહેસ્ત ઉર્ફે ખુદાતાલાની દરગાહને આપણે પહોંચી શકયે નહિ. જેમ દયનનો ઉંચો તબકકો લઇશું તેમ ઉતરતા તબકકામાં પણ એજ નિયમ ટકી શકે છે. માટે ખરા ઝરથુસ્ત્રીએ આ કુદરતના આત્માની પીછાન કરવી જોઇએ છે; તો તેને દયનની તરીકતનો ખ્યાલ આવી શકશે.

વોહુમનો.

ઝરથુસ્ત્ર સાહેબ જે બીજી બક્ષશ વારંવાર અહુરમઝદ કનેથી માંગે છે તે વોહુમનોની છે. વોહુમનો બે શબ્દમાંથી ઉત્પન્ન થયો છે:-એક વોહુ=ફારસી બેહ=સારૂં, ભલું, ચોખ્ખું-**righteous** અને મનો=મન-મનસ-**mind**. આખાનો અર્થ ભલું મન. પોતાની ફીલ્સુફી મુજબ પયગમ્બર સાહેબ જણાવે છે કે આખી દુન્યાની બનાવટ અને રચના વિચાર, બુદ્ધી ઉપર આધાર રાખે છે. પ્લેટો નામનો જાણીતો ગ્રીક ફીલ્સુફ પોતાની ફીલ્સુફીનો મુળ પાયો વિચાર=**idea** ઉપર રચે છે. તે જણાવે છે કે મનમાં જે વિચારો પેદા થાય છે તે આ દુન્યા અને ખલકતની બનાવટમાં મદદગાર થાય છે. દરેક હસ્તીનું મુળ વિચારપરથી થાય છે. વિચારને આધારે કર્મ બંધાય છે. એ રીતે ઝરથુસ્ત્ર સાહેબ મનના બળને બહુ જોરમંદ તરીકે લેખે છે. હાલની ફીલ્સુફી આગળ વધીને એટલે સુધી કહે છે કે એ વિચારોનાં રંગ અને રૂપ પણ બંધાય છે, અને જેમ માણસ પોતે કાર્ય કરે છે તેમ આ વિચારો કાર્ય બજાવે છે. માણસ પોતે વિચારોના સમુદ્રનો એક સાંચો માત્રજ છે. તેનાં મનમાંથી રોશની રૂપી વિચારોના મોજા બાહેર પડે છે અને તેથી ખલકતમાં અસરો થાય છે. હાલની સાયન્સ આગળ વધેલી હોવા છતાં અસલી ઝરથુસ્ત્રી ફીલ્સુફીનેજ ટેકો આપે છે એમ છે ત્યારે

ઝરથુસ્ત્ર સાહેબ પોતે કેટલા મોટા સાયન્ટીસ્ટ અને ફીલસુફ પયગમ્બર હતા તેનો આપણને ખ્યાલ મળી શકે છે. આપણો મઝદયસ્ની દયન સાયન્ટીફીક છે એમ કરીને આપણને જણાવવામાં આવે છે તે આવાંજ કારણો અને અસરો તેમાં રહેલો હોવાથી કહેવામાં આવે છે. આપણી દીનમાંફરોહરોની આરાધના કરવા ફરમાવવામાં આવે છે, અને હખામનીઅન અને સાસાનીઅન બાવલાં જોતાં આપણને માલુમ પડશે કે ફરોહરોના ચીતારોમાં પુરાતન જરથોસ્તીઓ માન્યતા ધરાવતા હતા. એજ રીતે કેરદારો તે માણસના આચારવિચારોનું બાહેર પડતું રૂપ છે. જો વિચાર હશે તો કર્મ બંધાશે; અને કર્મ હશે તો દુન્યાની હસ્તી ચાલી શકશે. અને જો ઉત્તમ વિચારો રાખીશું તો ઉત્તમ કાર્ય બનશે અને દુન્યાના સુધારાવધારામાં આપણે ઉત્તમ ફાળો આપી શકીશું. એ પ્રમાણે મહાન ઝરથુસ્ત્રી દયન શીખાડે છે. ઝરથુસ્ત્ર સાહેબ ત્યારે ફરમાન આપે છે કે રૂડાં કામને સારૂ રૂડું મન પહેલાં ધરાવો. જો રૂડું મન હશે તો આપણે નેકીના ઝરારૂપી થઇ પડીશું.

બે સામસામી શકતીની હસ્તી.

ઝરથુસ્ત્રે પોતાના કલામોમાં જે એક બીજો અગત્યનો કાયદો સમજાવ્યો છે તેને સામસામી શકતીઓની હસ્તીને લગતો કાયદો ઉર્ફે જેને અંગ્રેજ ફીલસુફો **Law of Polarity** કહે છે તે છે. એ કાયદા મુજબ આ દુન્યામાં બે શકતી એક ભલી અને બીજી બુરી એમ કરીને હસ્તી ધરાવે છે. પહેલી સારે માર્ગે લઇ જાય છે જ્યારે બીજી બુરે માર્ગે લઇ જાય છે. એ બંને શકતીઓનું ચલણ આ ધરતીપર ચાલુ છે. એમને સ્પેન્તોમઇન્યુશ અને અંગ્રેમઇન્યુશ એ નામથી ઓળખવામાં આવે છે. અંગ્રેજીમાં **Good and Evil Spirits** એમ કરીને જણાવવામાં આવે છે. આ કાયદાને ઝરથુસ્ત્ર સાહેબ બે શકતીનો કાયદો અથવા **Law of Twin Spirits** એમ કરીને જણાવે છે. ઉપર જોઇ ગયા તેમ કુદરત મુજબ આ કાયદો સાદી સમજમાં તુરત ઉતરે એમ છે. પહેલાં આપણે જો

આસમાનની વાત લઇશું તો ત્યાં પણ આ શકિતઓનું ચલણ જોઇશું. દાખલા તરીકે સુર્ય ઉગે છે અને અસ્ત પામે છે; વાદળાંઓ આવે છે અને જાય છે; રોસ્ની અને અંધકાર એક પછી એક એમ કરીને હસ્તી ભોગવે છે. કુદરતી સાયન્સોમાં ગણીતનો વીષય લઇશું તો ત્યાં પણ આજ કાયદાનું ચલણ છે. જ્યાં ઉમેરશું ત્યાં બીજે કેકાણેથી તેટલુંજ બાદ કરીશું; રાજ્યદ્વારી બાબદોમાં પણ એજ રીતે બે પક્ષો હસ્તી ભોગવે છે:—એક પ્રજાને છુટાપણું આપવા ચાહશે તો બીજો તેથી ઉલટીજ રાજ્યનીતિ ધારણ કરશે: ટુંકમાં **Liberals and Conservatives** એ બે પક્ષનો રાજકાજમાં મુખ્ય અવાજ રહેલો છે. જો સંસાર સમાજ તરફ નેગાહ કરીશું તો ત્યાં પણ આજ કાયદો હસ્તી ભોગવતો નજરે પડશે; દાખલા તરીકે જ્યાં શેઠ હશે ત્યાં નોકરબી હશે; એક જણ ગરીબોની તરફેણ કરશે તો બીજો શેઠયા વર્ગની તરફદારી કરશે. કોઇ "સોશીયાલીસ્ટ" હશે તો બીજો અમારી દેલત અમારી પાસેજ રહે એમ કહેનારો "ઇન્ડીવીડયુએલીસ્ટ" હશે. બીજી રીતે જોતાં જેની પ્રેરણા શકિત સારી હશે તેનામાં સમજ શકિતની કોત્તાહી હશે. એજ રીતે હુન્નરકળામાં પણ થાય છે. જ્યાં કુદરત હશે ત્યાં જાતી હુન્નર નહિ હશે અને જ્યાં જાતી હુન્નરની મહેનત હશે ત્યાં કુદરત કામમાં હરકત કરશે. જો કાળાંને દીપાયમાન કરવું હોય તો તેની પાસે સફેદ રંગની પીછી જોઇશે. બાંધકામના હુન્નરમાં પણ આજ કાયદા અનુસાર કામ લેવામાં આવે છે. કોઈ પણ કામ એવું નહિ હશે કે જ્યાં સામસામા સ્પેન્તોમઈન્યુશ અને અંગ્રેમઈન્યુશ કામ નહિ કરતા હોય. કુદરત પોતે એક સમતોલપણાંનાં હથિયાર દાખલ ખુદાઇ રૂપ ધારણ કરીને શાંત રહે છે. માત્ર આજુબાજુની શકિતઓ પોતાનો પક્ષ ખેંચે છે. આખી ખલકત દરેક તત્વનાં પ્રમાણોમાં સરખે હિસ્સે વ્હેંચાઇ ગયલી હોય છે. તેનું ત્રાજવું સમતોલ છે. આ કાયદો દરેક વ્હેવારૂ સાયન્સમાં કાર્ય બજાવતો જણાય છે. એમરસન નામનો નામીચો અમેરિકન ગ્રંથકાર પોતાના **Compensation** ના નિબંધમાં કહે છે કે:

Polarity, or action and reaction, we meet in every part of nature: in darkness and light in heat and cold;

in the ebb and flow of waters; in male and female, in the inspiration and expiration of plants and animals; in the equation of quantity and quality; in the fluids of the animal body, in the systole and diastole of the heart in the undulating of fluids and of sound, in the centrifugal and centripetal gravity, in electricity, galvanism, and chemical affinity. Superinduce magnetism at one end of a needle, the opposite magnetism takes place at the other end. If the south attracts the north repels. To empty here you must condense there. An inevitable dualism bisects nature, so that each thing is a half, and suggests another thing to make it whole, as spirit, matter, man woman, odd, even subjective, objective, in, out, upper, under, motion, rest, yea, nay.

સ્પેન્તોમઇન્યુશ અને અંગ્રેમઇન્યુશ ખલ્કતનું સમતોલપણું જળવવામાં મદદગાર થાય છે એ વિષે જુદા જુદા ધર્મોમાંથી પણ ગવાહી મળે છે.

બન્ને શકિતઓનો કર્ત્તા કોણ ?

હવે મુળ સવાલ રહે છે કે એ બન્ને શકિતઓને હસ્તીમાં લાવનાર કોણ ? બન્ને શકિતઓ પરવરદેગાર હસ્તીમાં લાવે છે. જ્યાં જોઇશું ત્યાં ખુદા પોતે જણાવે છે કે હું રોશનીનો બનાવનાર છું તેમજ અંધકાર ઉત્પન્ન કરૂં છું. યસ્ન હોતન હાઇતીમાં જણાવ્યું છે કે સરોષ યઝદે સ્પેન્તોમઇન્યુશ અને અગ્રેમઇન્યુશ બન્નેની આરાધના કીધી હતી. મીલટન નામનો કવિ પોતાનાં **Paradise Lost** નાં કાવ્યમાં જણાવે છે કે ખુદાતાલાને જમણે હાથે બેસનાર એક મોટામાં મોટો પવિત્ર ફીરેસ્તો હતો. તે પાછળથી નાફરમાનીને લીધે ખુદાની ખફગીમાં આવી પડયો. અને તેજ દોઝખનો શયતાન બન્યો; શ્રિમદ્ ભગવદ્ ગીતામાં પણ એવાજ પુરાવા મળે છે. ત્યાં ભગવાન કહે છે કે " હું સૂર્ય ને રોશની છું તેમજ હું વરસાદનું પાણી છું હું મોત છું અને હું અમર આત્મા છું, હું હસ્તી છું. હું નીસ્તી છું." યાને કે ખુદાએ જે એક શકિતને સ્પેન્તોમઇન્યુશની સંજ્ઞામાં લીધી હતી, તેને પછીથી અંગ્રેમઇન્યુશની પનાહમાં સોંપી દીધી હતી.

બાઇબલમાં જણાવવામાં આવ્યું છે કે ખુદા કહે છે કે "હું રોશની પેદા કરૂં છું અને અંધકાર પણ પાંથરૂં છું; હું શાંતિ ફેલાવું છું અને વગી બદી પણ ઉશ્કેરૂં છું. હું ખુદા આ સર્વે ચીજ કરૂં છું."

ખુદા આપણને નેકીની બક્ષીશ કરે અને આપણે નેક થઇએ એમાં ખુદાની શકિતનો આપણે શો ઉપયોગ કર્યો? પણ જ્યારે પરવરદેગારે જોવાને આંખ, સાંભળવાને કાન વિગેરે આપ્યું છે ત્યારે બુરાઇનાં જાળાંમાં પડતાં સ્પેન્તોમઇન્યુશની રાહે આવવા ચાહીએ ત્યારે તે શકિતઓનો ખરો ઉપયોગ કરેલો કહેવાય. માટે અંગ્રેમઇન્યુશ આપણા માર્ગને મુશ્કેલ બનાવીને સ્પેનતોમઇન્યુશના વલુ ઉંચા તબક્કાએ ચઢાવવામાં મદદગારજ થઇ પડે છે; માટે એ તો ખુદાની મહેરજ કહેવાય કે આપણો દુન્યવી માર્ગ મુશ્કેલ બનાવી સ્વર્ગીય માર્ગે ઉંચે ચઢાવવામાં અંગ્રેમઇન્યુશ કામે લાગે છે. ત્યારે એવી બુરાઇની શકિત પણ પરવરદેગારની મહેરથીજ થાય છે એમ આપણે માન્યે તો ખોટું કહેવાશે નહી. એક શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે તેમ રોશની અને અંધકાર જગતના સદાના માર્ગો તરીકે મુકરર કરવામાં આવ્યા છે."

These two—Light and Darkness are esteemed the world's eternal ways."

(ભગવદ્ ગીતા).

ખુદા શા સારૂ એ બન્ને પેદા કરે છે?

સ્પેન્તોમઇન્યુશની ઉત્પત્તિ વિષે, પરવરદેગારની મદદ વિષે એ મત હોઇ શકે નહિ, કારણકે તે પરવર નેકી અને ભલાઇનો ઝરો છે માટે તેણે પોતે જે જેહાનો બનાવેલી છે તેને ચાહે છે અને એ એ પ્રેમનો પુરાવો તે સ્પેન્તોમઇન્યુશની શા સારૂ ઉત્પત્તિ કરતો હશે તે એક સ્વાભાવીક સવાલ છે કારણ કે જે નેકીનો ઝરો છે તેની બુદ્ધિ બદી તરફ કેમ આકર્ષી શકાય? પણ બદી નેકીનું એક આડું રૂપ છે. જો દરેક બદીની પીછાણ કરવા જઇશું તો તેમાંથી આયન્દે નેકી કોઇ તરેહથી પ્રગટ થતી માલુમ પડશે. નેક કર્મોથી સીધી

રીતે ખુદાતાલાને ભેટી શકાય છે અને સાધારણ બદીથી તેનાથી વીમુટા પડતા નથી પણ મુશ્કેલ માર્ગો વાટે ચાલવું પડે છે, દુઃખો વેઠવાં પડે છે, તાપ અને તડકો સહન કરવાં પડે છે અને કાંટા-વાલા માર્ગોની વચ્ચેથી રસ્તો કાપવો પડે છે. પણ આયન્દે જો ભલાઇ એખ્ત્યાર કરવાનું સુઝે છે તો દુઃખ ખમવા કેડે ખુદાનીજ રાહે પહોંચાય છે. બદી સાધારણ રીતે માણસની કસોટી કરે છે અને ફનાગીરીના આતશમાં માણસને તાવી કાઢી તેનું ગોહર હોય તેજ બાહેર પડે છે. નેકીથી આ કસોટીમાંથી પરહેજ રહીએ છીએ અને આપણે પોતે આખા સોના મીસાલ થઇ શકયે છીએ.

પ્લેટોએ જે **Dialogues** ની કીતાબ લખી છે તેમાં એક કેકાણે સીબીસ અને સોક્રેટીસ વચ્ચે એજ વીષય ઉપર વાત ચાલે છે. જે કીસ્સો આપણે તમામ વાંચીશું તો બદીમાંથી નેકી કેમ જન્મ પામે છે તેનો આપણને સારો ખ્યાલ મળી શકશે. આખી ખલ્કત એક ગોળા મીસાલ છે તેમજ ઇન્સાનજાતનો ખવાસ પણ તેવોજ છે. મધ્યમપણાંમાંજ ઝરથુસ્ત્રી એતેકાદનો પાયો ઉંડો રચાયલો છે. હદમહેહુદ કુદાવતાંની સાથે બદીનાં પ્રગણામાં દાખલ થઇએ છીએ.

દેખાઇતી ખરાબ ચીજોમાં નેક ગુણો સમાયલા છે એમ આપ-ણને કુદરતના દાખલાઓ પરથી જણાય છે જો એક ઝાડનું મુજ્યું સ્વાદમાં ઝેરી હશે તેબી તેજ દવામાં ઉપયોગી થઇ પડશે. સાપ એક ભયંકર પ્રાણી છે પણ તેનો સોનેરી મોહરો અતી કીમતી છે. મરકી અને આગ ફનાકારક છે પણ તેથી નવી શોધખોળો, નવી ઇમારતો હસ્તીમાં આવે છે; ધરતીકંપ અને લડાઇ આફતકારક છે પણ તેના ફાયદાઓ અસંખ્ય છે. માટે દરેક ખરાબ ચીજમાં ભલાઇનો કાંઇક અંશ રહેલો છે. એથીજ ઉસ્તવઇતી ગાથામાં અહુરમઝદ જણાવે છે કે "હું ભલાને મદદ આપું છું તેમ બુરાને પણ આપું છું."

ત્યારે બુરાઇને આપણે ભલાઇમાં કેમ ફેરવવી તે આપણે જાણ્યે તો કોઇ પણ માર્ગ યા ચીજ બુરાઇવાળી આપણને જણાશે નહિ. જેમ નેકીમાં તેમ બદીમાં શકિત છે તો તે શકિતને ફુંડે માર્ગે ફેરવવામાં આપણે ફુંડા ઉદ્યમ કરવો જોઇએ છે. ગઇ નામનો જર્મન

ફીલ્સુફ જણાવે છે કે. પાપ અને ગુનાહો તરફ તે નડતર કર્તા છે એવી નજરે નહિ જોવું પણ તેમને આપણે માન આપવું કે જેથી અશોઇના માર્ગે વધુ આગળ ધસ્યે."

બદી નાબુદ થઇ શકે?

આપણે જ્યારથી આ દુન્યાની હસ્તી થઇ તે અત્યાર સુધીમાં બદી સામે જીહાદ ચલાવી છે પણ અનુભવ કહે છે કે બદી નાબુદ થઇ શકી નથી. અનેક પીર પયગમ્બરો અત્રે હસ્તી ભોગવી ગયા. અનેક સાધુસંતો પોતાના પયગામ આ બુરાઇમાં ગરક થયલા જગતને પહોંચાડી ગયા છે પણ તેથી જગતનો બુરાઇમાંથી છુટકારો થયો નથી. બદીપર માણસ જાત સરસાઇ ભોગવશે, બદીને ફેરવીને તેની શકિત નેકીમાં બદલશે. પણ બદીનો છેડો આવે નહિ. અંધકાર વિનાની રોશની નહિ હોય તેમજ તડકાં વિનાનો શીલો નહિ હોય. સ્પેનતોમઇન્યુશની શકિત અને ગતી આપણે સમજ્ય છીએ કેમકે અગ્રેમઇન્યુશ હસ્તી ધરાવે છે. એ બેવડી શકિતની હસ્તી ઉપર મઝદયસ્નની દયનનું મુળ બી રોપાયેલું છે. એથીજ જર્મન ફીલ્સુફ નીઝ એક ઠેકાણે જણાવે છે કે:

"Zarathushtra was more truthful than any other thinker. In his teaching alone do we meet with truthfulness upheld as the highest virtue."

આપણે શો માર્ગ એખ્યાર કરવો!

જ્યારે આ બે શકિતઓનું નીત્ય ચલણ છે ત્યારે આપણે શો માર્ગ એખ્તયાર કરવો એ એક સ્વાભાવિક સવાલ ઉભો થાય છે. જવાબમાં કહીશું કે "મધ્યમપણાં" નો. ઝરથુસ્ત્ર સાહેબનું મુખ્ય ફરમાન **Temperance** એટલે મધ્યમપણાંને લગતું છે. એરીસ્ટોટલ નામનો જાણીતો ગ્રીક ફીલ્સુફ આ મધ્યમપણાંને **The Golden Mean** ની ઉપમા આપે છે. અંગ્રેજીમાં કહેવામાં આવ્યું છે કે **Every virtue has two vices** માટે જો એરીસ્ટોટલ કહેછે તેમ મધ્યમ માર્ગ એખ્તયાર કર્યો હોય તો આપણે હંમેશાં નેકીની તરીકત ઉપરજ ચાલી શકયે છીએ.

વળી પયગમ્બર સાહેબ જણાવે છે કે દૃઢ ઉદ્યમ રાખવો એટલે કે જે માર્ગ ધારણ કીધો હોય તેમાં દૃઢ ઉદ્યમના કોવતથી આગળ વધતા રહેવું, પણ એકની એક જગ્યાએ પડી રહેવું નહી. આ કાયદો હાલના ઉદ્યોગ હુન્નર અને વ્હેવારૂ જમાનામાં બહુ ઉપયોગી છે તેથીજ આપણા મજહબને વ્હેવારૂ તરીકે ઓળખી શકયે છીએ. એ વ્હેવારૂપણાને લીધે આપણા મજહબ જેટલો દુન્યામાં બીજો કોઇ પણ ફેલાવાને સામર્થવાન નથી. ઝરથુસ્ત્ર સાહેબ એ રીતે એક **Practical Philosopher** હતા એમ કહીએ તો ચાલે.

જો અંગ્રેજી સાહીત્યમાં જોઇશું કે દુન્યાના કોઇ પણ મહાન નરોનાં લખાણો વાંચીશું તો તેમાંથી આજ ફરમાન પડયો આપણને પડયા વગર રહેશે નહી. બ્રાઉનીંગ કવી જણાવે છે કે:

This low man seeks a little thing to do
Sees it and does it,
This high man with great thing to pursue,
Dies ere he knows it,

હાલના સાહીત્યમાંથી તેમાં ખાસ કરીને પશ્ચિમના સાહિત્યમાંથી ઘણાક દાખલાઓ કાઢવાની મતલબ એટલીજ કે જેઓને આપણે સામાન્ય રીતે વખાણ્યે છીએ, જેઓના કીંમતી સખુના આપણે ગ્રહણ કર્યે છીએ તેઓ હાલ એમ કહી જાય છે ત્યારે ઝરથુસ્ત્ર સાહેબ એ દયનનો ફેલાવો આજથી સદીઓ ઉપર કરી ગયા હતા, અને એ કાયદાઓ ઇન્સાન જાતને સોંપી ગયા હતા.

એ ઉપરથી જણાશે કે તેઓ સાહેબ પયગમ્બરી માટે એક ખરેખરા લાયક નર હતા અને અસાધારણ બુદ્ધિબળ ધરાવતા હતા.

જ્યારે આપણે મધ્યમપણાંનો તરીકો એખ્તયાર કરવો એમ કહીને જણાવ્યે છીએ ત્યારે એમ નહી સમજવું કે બદીની રાહેબી ચાલવાની દબ રાખવી; પણ એનો અર્થ એજ કે જે મધ્યબિંદુ છે ત્યાંજ જવાની બનતાં સુધી ઉમેદ રાખવી. મધ્યમ માર્ગજ રાસ્તી અને નેકીનો છે.

બદી કઈ અને કેટલી છે ?

અશોઇનું ફરમાન પાળતી વખતે ત્રણ તરીકતોની જરૂર રહે છે, જેને હુમત, હુખ્ત અને હુવરસ્તની તરીકતો તરીકે જણાવવામાં આવે છે. જેમ ગૌતમ બૌદ્ધ પયગમ્બરે **The Noble Eightfold Path** ના આઠ માર્ગો દર્શાવ્યા છે તેમ ઝરથુસ્ત્ર સાહેબે માત્ર ત્રણજ સાદા, સુતરા ને સરસ માર્ગો બતાવ્યા છે. એ રાહે ચાલતાં માર્ગમાં કેટલીક બદીઓ ઉર્ફે દુજો મળે છે જેને દૂર કરવા આપણે "રૂડો ઉદ્યમ" કરવો જોઇએ છે. પહેલી બદી દુરાચારને લગતી છે, બીજી પૈસા ટકો વીગેરે આર્થીક સુખ મેળવવાની અસાધારણ તલબગારીને લગતી છે કે જે માટે અસાધારણ મહેનત આપણે કર્યે છીએ. ત્રીજી બદી આળસાઇને લગતી છે અને નીરૂદ્યમપણું છે. કુદરત કહે છે કે ભુખ લાગે છે ત્યારે ભુખ જેટલુજ ખાવું: ઓછો ખોરાક નીરૂદ્યમપણું લાવે છે જ્યારે હદ બાહેરનું ખાધરાપણું એ અસાધારણ તલબગારીની બદી ઉત્પન્ન કરે છે કે જેથી અપ્રમાણીકપણું પણ આપણા ખવાસમાં દાખલ થવા પામે છે. વળી માત્ર જેઓ શરીરના અવયવો હલાવે તેઓજ ઉદ્યમી કહેવાય અને જેઓ મન અને આત્માની અણદીઠ શકિતઓનો ઉપયોગ કરે તેઓ ઉદ્યમી નહી કહેવાય એમ માનવાને આપણે દોરવાઇ જવું જોઇતું નથી. દાખલા તરીકે કેટલાકો વિચારો બાંધે છે જેવા કે સાધુસંતો અને તે વીચારોના પ્રવાહો જેઓ ખરેખરા કામ બજાવનારા કર્મયોગીઓ હોય છે તેઓના ગુણોમાં તે દાખલ થવા પામે છે. એથી જે પરીણામ નીપજે છે તેના ખરેખરા બનાવનારાં પેલાં બુદ્ધિબળો અથવા **intelligences** માટે જેટલું માન શરીરના અવયવો હલાવનારને મળે તેના કરતાં વધુ પેલાં **intelligences** ના પ્રવાહ ફેલાવનારાઓને મળે છે. હવે એ **intelligences** ના ફેલાવનારાઓ શાંત અને બેસી પણ રહે તો પણ તેઓ રૂડો ઉદ્યમ કરનારાઓની સફમાં આવી શકે. માટે તેવાઓથી પણ ગણત્રી કરતાં ચુકવું જોઇએ નહિ. પણ જેઓ ઉંચું બુદ્ધિબળ મેળવીને ઉંચાં કામો કરવાને તૈયારી કરે તેઓ હજીએ આગળ વધેલા છે; અને આ છેલ્લો તબકકો સઉથી સરસ છે.

ભલાઈઓ કઈ છે ?

જરથોસ્તી મજહબ વહેવારૂ છે એટલે તેમાં સર્વે વહેવારૂ સદ્ગુણોનોજ સમાવેશ કરવામાં આવેલો છે. નેકી અનેક છે પણ વહેવારમાં યકીન, તાબેદારી, સખાવત અને સચાઇ છે. જેમ ઝરથુસ્ત્ર અપ્રમાણીક વ્હેવાર સામે ફરમાન કરે છે તેમ ખુદાતાલાપર યકીન રાખવા જણાવે છે; તાબેદારી તેના ઉંચા ખ્યાલોમાં લેતાં પરવરદેગાર તરફ, ઉંચાં ઇન્સાનો તરફ, ઉંચા વિચારો તરફ, સર્વે ચઢતી પદવીનાઓ તરફની સમજવી. જરથોસ્તી દીલગુરદા વિષે અત્રે કહેવાની કશી પણ જરૂર નથી; કેમકે આખી ખલ્કત પર આપણી કોમને બીજીઓ સાથે સરખાવતાં માલુમ પડશે કે આપણાંમાં સખાવતનું જે પ્રમાણ આવે છે તે બીજી કોમોને મહાત કરે છે. આપણી સનમુખ જરથોસ્તી હાતમદીલના એટલા પુરાવા છે કે તે વિષે લંબાણથી લખવાની જરૂર રહેતી નથી.

પણ નીખાલસપણું–sincerity વીના એ ઇન્સાનના બધા સદ્ગુણો લાઇલાજ છે. એથીજ કારલાઇલ જણાવે છે કે એક મહાન નરે તેમજ એક મહાન કોમે પહેલાં તો આ સચ્ચાઇનો સદ્ગુણ એખ્તયાર કરવો જોઇએ છે. તે વિના ઇન્સાનમાં ઉત્સાહ, ઉમંગ અને ઝરથુસ્ત્ર સાહેબના ગાથાના કલામોમાં કહીએ તો રૂડો ઉદ્યમ કરવાની ખાહેશ ઉશ્કેરાતી નથી.

એવી એવી અનેક નેક તરીકતો છે; પણ તે સર્વેનું બ્યાન નહિ કરતાં જો મઝદયસ્ની દયનના મુરીદો ફકત ત્રણજ શબ્દ પોતાની યાદદાસ્ત શકિતની દીવાલ ઉપર સોનેરી અક્ષરે મઢી રાખે તો તેઓ આ જીંદગીનું સુખ હાંસલ કરશે અને આવતા ભવનું બહેસ્ત મેળવશે: તે માંથ્ર કલામો ત્રણ છે યાને

હુમત: હુખ્ત: હુવરશ્ત.